RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

**Year : 15, Issue : 87, Dt.21-06-2024 Friday Page : 4** Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# યોગ દિને ભારત સહીત સમગ્ર વિશ્વ બન્યું યોગમય



## પાણીથી પર્વત પર યોજાયો યોગનો કાર્યક્રમઃ વડાપ્રધાન મોદીએ કાશ્મીરમાં યોગ કર્યાઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ગૃહમંત્રી અમિત શાહ સહિત દેશભરના મહાનુભાવો જોડાયાઃ સૈન્ય જવાનો દ્વારા ૧૫૦૦૦ ફૂટની ઉંચાઈએ કરાયા યોગ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે આજે આખુ વિશ્વ યોગમય બન્યુ હતું. ભારતથી માંડીને અમેરિકા સુધી દુનિયાભરમાં ઉત્સાહભેર યોગના કાર્યક્રમો યોજયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાશ્મીરમાં યોગ કર્યા હતા તો તમામ કેન્દ્રીયપ્રધાનો-રાજયપાલો તથા રાજયોના મુખ્યમંત્રીઓ સહીતના મહાનુભાવો યોગના કાર્યક્રમોમાં જોડાયા હતા. ઉદ્યોગમાંધાતા-બોલીવુડ સેલીબ્રીટી તથા સૈન્ય જવાનોએ જુદા-જુદા સ્થળોએ યોગ કર્યા હતા.

ભારત સહિત દુનિયાભરના દેશો આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી રહ્યા છે. યોગ માત્ર શારીરિક જ નહીં માનસિક સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક છે અને આ જ કારણોસર યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાશ્મીરના શ્રીનગરમાં યોગ કર્યા હતા. મૂળ કાર્યક્રમ દાલ લેકના કિનારે ૭૦૦૦ લોકોની સાથે યોગ કરવાનો હતો પરંતુ વરસાદને કારણે કાર્યક્રમ સ્થળ બદલવામાં આવ્યુ હતું અને કોન્ફરન્સ હોલમાં ૫૦ લોકોની હાજરીમાં કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત તમામ મહાનુભાવો જુદા-જુદા સ્થાનોએ યોગ દિવસની ઉજવણીમાં સામેલ થયા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ યોગ કર્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ અમદાવાદમાં યોગ દિનની ઉજવણીમાં સામેલ થયા હતા. હરિદ્વારમાં યોગગુરૂ બાબા રામદેવના સંકુલમાં યોગાભ્યાસ થયો હતો.

ભારતીય સૈન્યના જવાનોએ પણ યોગાભ્યાસ કર્યો હતો. સિકકીમના મુગુથોગ સબ સેકટરમાં આઈટીબીપીના જવાનોએ ૧૫૦૦૦ ફુટની ઉંચાઈએ યોગ કર્યા. આ ઉપરાંત લેહમાં પેંગોંગ લેક ખાતે પણ યોગનો કાર્યક્રમ થયો હતો.

ભારતથી માંડીને વિશ્વભરના દેશોમાં આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. અમેરિકામાં ન્યુયોર્ક સ્થિત ટાઈમ્સ સ્કવેર ખાતે મોટી સંખ્યામાં લોકો ઉત્સાહપૂર્વક યોગ દિવસની ઉજવણીમાં જોડાયા હતા. આ તકે ભારતના કોસ્યુલ જનરલ બિનય પ્રધાન પણ હાજર રહ્યા હતા.જાપાનમાં ભારતીય દૂતાવાસ દ્વારા યોગદિનની ઉજવણી આપવામાં આવી હતી તેમાં જાપાનના નેતાઓ સહિતના લોકોએ ભાગ લીધો હતો. ટોકિયોમાં તો વરસતા વરસાદમાં મોટી સંખ્યામાં લોકો આ કાર્યક્રમમાં સામેલ થયા હતા. ભારત વિશ્વમાં પાણીથી પર્વત સુધીના સ્થાનોએ યોગ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

# નડાબેટમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની હાજરી વિશ્વ યોગની દિવસની ઉજવણી

## અમદાવાદમાં ગૃહમંત્રી અમિત શાહ તેમજ રાજ્યના ગૃહ પ્રધાન હર્ષ સંઘવીએ યોગાભ્યાસ કર્યો

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાતમાં રાજ્યાકક્ષાના વિશ્વ યોગ દિવસની ઉજવણી બનાસકાંઠાના નડાબેટ ખાતે કરવામાં આવી હતી. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, બીએસએફના જવાનો સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આજના યુગમાં તણાવમુક્ત અને સરળ જીવનશૈલી માટે યોગ ઉત્તમ કહેવાય છે. યોગ પ્રાચીન ભારતના ઋષિમુનિઓએ આપેલી અમૂલ્ય ભેટ છે. આશરે પાંચ હજાર વર્ષ પહેલાં પતાંજલિ ઋષિએ યોગશાસ્ત્રનું સર્જન કર્યું હતું.



ત્યારથી યોગની પરંપરા ચાલી આવે છે. યોગ દિવસની ઉજવણી નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બનાસકાંઠાની સરહદી ચેકપોસ્ટ નડાબેટમાં પહોંચ્યા હતા. ત્યારે તેઓ ગુરુવારે જ સાંજે બનાસકાંઠા જિલ્લાના થરાદ પહોંચી ગયા હતા. અહીંના વડગામડા ગામ ખાતે નાગરિકો સાથે લોકસંવાદ કરી તેમના પ્રશ્નો સાંભળ્યા હતા. લોકોએ અહીં જમીન રિ સરવે, પાણી, રસ્તા, શિક્ષણ અને સિંચાઈ જેવા મુદ્દા રજૂ કર્યા હતા. મુખ્યમંત્રીએ તેનું નિરાકરણ લાવવા વાયદો આપ્યો હતો.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સિંધુ ભવન રોડ પર આવેલા ગોટિલા ગાર્ડનમાં યોજાનારા યોગ કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચ્યા હતા. અહીં મોટી સંખ્યામાં લોકો પણ જોડાયા હતા.

# કેજરીવાલને રાહત નહીંઃ લીકર પોલીસી કૌભાંડ મામલે મળેલ જામીન પર હાઈકોર્ટની રોક

## કેજરીવાલને એક દિવસ પહેલાં જ ચાલુ કોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા હતા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લીકર પોલિસી કૌભાંડ મામલે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને રાઉઝ એવન્યૂ કોર્ટનો આદેશ રદ કરી દેવામાં આવ્યો છે. હાઈકોર્ટે આ મામલે સુનાવણી પૂર્ણ થાય ત્યાં સુધી જામીન પર રોક લગાવવાનો આદેશ આપ્યો છે.

માહિતી અનુસાર હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવી દ્વારા કરાયેલી એ દલીલ ફગાવી દીધી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે આ અરજી પર જલદી જ સુનાવણી હાથ ધરવાની જરૂર નથી.

ઉલ્લેખનીય છે કે કેજરીવાલને એક



દિવસ પહેલા જ ગુરુવારે ટ્રાયલ કોર્ટે જામીન આપ્યા હતા જેના વિરોધમાં ઈડીએ દિલ્હી હાઈકોર્ટમાં અપીલ કરી હતી. ઈડીએ હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે ટ્રાયલ કોર્ટમાં અમને આ મામલે અમારી દલીલો રજૂ કરવા માટે પર્યાપ્ત સમય જ નહોતો અપાયો. ઈડીએ પીએમએલએની કલમ ૪૫નો હવાલો પણ આપ્યો હતો. ઈડી વતી એએસજી રાજૂએ કહ્યું હતું કે અમારો કેસ મજબૂત છે. આ સાથે તેમણે સિંઘવીની હાજરીનો પણ વિરોધ કર્યો હતો. ઈડીએ કહ્યું હતું કે તપાસ હવે અંતિમ તબક્કામાં છે ત્યારે કેજરીવાલને મુક્ત કરવાથી તપાસ પર અસર થશે કેમ કે આરોપી મુખ્યમંત્રી જેવા મહત્ત્વપૂર્ણ હોદ્દા પર નિયુક્ત છે.

# દેશના અનેક રાજ્યોમાં ચોમાસુ જામ્યુઃ બિહાર, ઉત્તર પ્રદેશ, ઝારખંડ, ઓરિસ્સા, પંજાબ અને હરિયાણામાં ભારે વરસાદની આગાહી

## આસામ અને બિહારમાં અલગ અલગ ચક્રવાતની સ્થિતિ બનીઃ દરિયા કાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની હવામાન ખાતાની આગાહી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હવામાન વિભાગે આગાહી કરી છે કે ચોમાસુ આગામી ૩ થી ૪ દિવસોમાં બિહાર અને પૂર્વ-ઉત્તરપ્રદેશના અનેક ભાગો, ઝારખંડ, ઓરીસ્સા અને બંગાળના મહત્તમ વિસ્તારો સુધી પહોંચી જશે. આસામ અને બિહારમાં અલગ અલગ ચક્રાવાતની સ્થિતિ બની રહી છે જેથી દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ પડશે.

ચોમાસાના આગમન પહેલા ઉત્તર ભારત સહિત અનેક રાજયોમાં



ગઇકાલે ભીષણ ગરમીમાંથી લોકોને રાહત મળી છે. માત્ર દક્ષિણી ઉત્તરપ્રદેશ અને ઓરીસાના અમુક ભાગોમાં ગુરૂવારે લુની સ્થિતિ હતી. બાકીની જગ્યાએ સ્થિતિમાં સુધારો થઇ રહ્યો છે. દિલ્હી, એનસીઆર, પંજાબ, હરિયાણામાં ઘણા દિવસો બાદ ન્યુનતમ તાપમાન સામાન્યથી નીચે ઉતર્યુ છે.

મહતમ તાપમાન સામાન્ય નજીક રહ્યું હતું. દેશમાં સૌથી ઉંચુ તાપમાન ગઇકાલે હરિયાણાના સીરસામાં ૪૩.૮ ડિગ્રી નોંધાયુ હતું.ચોમાસુ ૩-૪ દિવસમાં આગળ વધવા સાથે આસામ અને બિહારમાં સિસ્ટમ બની રહી છે. બિહારમાં તા. ૨૪ ભારે વરસાદની આગાહી છે. ઝારખંડમાં તા.૨૩-૨૪ના રોજ ભારે વરસાદ પડશે.

હિમાચલ પ્રદેશમાં વરસાદનું યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. સીમલામાં પૂરો દિવસ વાદળા હતા. અહીં મહતમ તાપમાન ૫ ટકા નીચે ઉતરી ગયું હતું. રાજસ્થાનના ઘણા જિલ્લામાં મોડી સાંજે વરસાદથી તાપમાનમાં સામાન્ય ઘટાડો થયો હતો.

સિકકીમમાં સતત ભારે વરસાદના કારણે મોટા પ્રમાણમાં ભૂસ્ખલન ચાલુ રહ્યું છે. તેની સૌથી વધુ અસર પશ્ચિમ સિકકીમના ડેંટમમાં થતા મિલ્કતો અને પશુધનના નુકસાન થયા છે. જોકે કોઇના મૃત્યુ નથી. ડેંટમમાં અનેક ઘર તણાઇ ગયા છે. હરિયાણામાં ગરમીમાં થોડી રાહત થઇ છે. ભારે પવન બાદ ઝાપટા પડયા હતા.

# ૧લી જુલાઈથી ક્રેડિટ કાર્ડના વ્યવહારોમાં મોટો અવરોધ સર્જાવાની સંભાવના

**મુખ્ય સમાચાર, બેંગ્લોર**

ક્રેડીટ કાર્ડ કંપનીઓ માટે રિઝર્વ બેન્કે સેન્ટ્રલાઈઝડ બિલીંગ નેટવર્કનો ઉપયોગ કરવાનું ફરજીયાત બનાવ્યુ હોવાથી આગામી ૧લી જુલાઈથી ક્રેડ, કોનવે, બીલડેસ્ક, ઈન્કોબીમ, એવન્યુ જેવા ફીનટેક સ્ટાર્ટઅપની કામગીરીમાં મોટો અવરોધ સર્જાવાના કે ખોરવાઈ જવાના ભણકારા છે.

ભારતમાં સૌથી વધુ બે કરોડ કાર્ડ ઈસ્યુ કરનાર એચડીએફસી બેંક, ૧.૭ કરોડ કાર્ડ ધરાવતી આઈસીઆઈસીઆઈ બેંક, તથા ૧.૪ કરોડ કાર્ડ ધરાવતી એકસીસ બેંક હજુ ભારત બીલ પેમેન્ટ સીસ્ટમ પર સક્રિય થઈ નથી પરીણામે ભારત બીલ પેમેન્ટ નેટવર્કમાં સભ્યપદ ધરાવતી ફોન-પે અને ક્રેટ જેવી કંપનીઓના કાર્ડનું પ્રોસેસ નહીં થઈ શકે આ કંપનીઓના કાર્ડ વ્યવહારને મોટો ફટકો પડી શકે છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા દ્વારા એવો




આદેશ જારી કરવામાં આવ્યો છે કે ૩૦ મી જુન પછી તમામ ક્રેડીટ કાર્ડ પેમેન્ટ ભારત બીલ પેમેન્ટ મારફત પ્રોસેસ થવા જોઈએ. વર્તમાન સ્થિતિ ચકાસવામાં આવે તો ક્રેડીટ કાર્ડ ઈસ્યુ કરતી ૩૪ માંથી ૮ બેંકો જ સેન્ટ્રલાઈઝડ નેટવર્ક સાથે જોડાયેલી છે તેમાં એસબીઆઈ કાર્ડ, કોટક મહીન્દ્રા બેંક, ફેડરલ બેંક, અને ઈન્ડુસઈન્ડ બેંકનો સમાવેશ થાય છે.

સુત્રોના કહેવા પ્રમાણે પેમેન્ટ ઈન્ડસ્ટ્રી દ્વારા ૯૦ દિવસનો મુદત વધારો આપવાની માંગ કરવામાં આવી છે. કંપનીઓના સંગઠન પેમેન્ટ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાએ રજુઆત કરી છે. પરંતુ રિઝર્વ બેન્ક દ્વારા હજુ સુધી કોઈ પ્રત્યુતર આપવામાં આવ્યો નથી.

રિઝર્વ બેંક દ્વારા નવન સ્ટોપ વિન્ડોથના ધોરણે ભારત બીલ પેમેન્ટ સીસ્ટમ નેટવર્ક તૈયાર કરવામાં આવ્યું છે.

# બજેટમાં મધ્યમ વર્ગને રાહત આપવાની કેન્દ્ર સરકારની તૈયારી

## કર સ્લેબ સીમા ત્રણ લાખથી વધારીને પાંચ લાખ થાય તેવી સંભાવના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકાર જુલાઈ મહિનામાં નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે પૂર્ણ બજેટ રજુ કરવાની તૈયારી કરી રહી છે. માનવામાં આવે છે કે તેમાં કરદાતાઓને મોટી રાહત આપવામાં આવી શકે છે. આ વખતે બજેટમાં આવક વેરાની મુકિતની સીમા વધારવામાં આવી શકે છે. આ ફેરફાર નવી કર વ્યવસ્થા અંતર્ગત થઈ શકે છે.

વિશેષજ્ઞોનું કહેવુ છે કે, સરકારે ઈચ્છે છે કે વધુ લોકો નવી કર વ્યવસ્થા પસંદ કરે તેને વધુ આકર્ષક બનાવવા માટે પગલા લેવામાં આવી શકે છે. હાલમાં નવી કર વ્યવસ્થા ત્રણ લાખથી વધુની આવક પર પાંચ ટકા કર લાગે છે.



માનવામાં આવે છે કે આ સ્લેબમાં કર મુકિતની સીમાને ત્રણ લાખથી વધારીને પાંચ લાખ રૂપિયા સુધી કરવામાં આવી શકે છે.જયારે વાર્ષિક ૧૫ લાખથી વધુની કમાણી પર ૩૦ ટકા કરની જોગવાઈ છે. આ આવક સીમાને વધારીને ૨૦ લાખ રૂપિયા કરવામાં આવી શકે છે.

સરકારના આ પગલાથી તેમની કર જવાબદારી ૧૦,૪૦૦ રૂપિયા સુધીની થઈ જશે.વાર્ષિક કમાણી ૭.૬ લાખ રૂપિયાથી ૫૦ લાખ રૂપિયાની સીમામાં આવે છે. જયારે ૫.૦ લાખથી એક કરોડ રૂપિયાનાં ટેકસ સ્લેબમાં આવતા લોકોએ ૧૧૪૦૦ રૂપિયા ઓછો ટેકસ ચુકવવો પડશે.

વિશેષજ્ઞોનું માનવુ છે કે ભારતીય અર્થ વ્યવસ્થા ઘટતા વપરાશની સમસ્યાનો સામનો કરી રહી છે એનો સામનો કરવા માટે નીતિનાં ઘડવૈયાઓ આવકવેરા માળખાને તર્કસંગત બનાવવાનાં પક્ષમાં છે. ખાસ કરીને નિમ્ન આવક ધરાવતા વર્ગ માટે કરકપાતથી વ્યકિતઓની આવકમાં વધારો થશે જેમ જેમ આવક વધશે તેમ લોકો વધુ ખર્ચ કરશે.


હાલમાં થયેલા સર્વે અનુસાર લોકોએ મોંઘવારી બેરોજગારી અને ઓછી થતી આવકને લઈને ચિંતા વ્યકત કરી હતી જયારે ભારતીય અર્થ વ્યવસ્થા ૨૦૨૩-૨૪ માં ૮.૨ ટકાના દરથી વધી છે.જયારે બીજી બાજુ વપરાશમાં એથી પણ અડધી ગતિએ વધારો થયો છે.

# છ રાજ્યોની ૮ લોકસભા બેઠકોની મતગણતરી દરમિયાન ઈવીએમમાં ગેરરીતિની આશંકા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીમાં કેટલીક બેઠકો પર કથિત ગેરરીતિ થઈ હોવાની અરજીઓ બાદ ચૂંટણી પંચે કડક નિર્દેશો બહાર પાડ્યા છે. મતદાન દરમિયાન ઈવીએમમાં ગડબડ કરાઈ હોવાની આઠ ફરિયાદો સામે આવ્યા બાદ ચૂંટણી પંચે ૯૨ મતદાન કેન્દ્ર પરના ઈવીએમની તપાસ કરવાના આદેશ આપી દીધા છે.

મળતા અહેવાલો મુજબ ચૂંટણી પંચને છ રાજ્યોની આઠ લોકસભા બેઠકોની ચૂંટણી દરમિયાન ઈવીએમમાં ગેરરીતિ થઈ હોવાની ફરિયાદ મળી છે. આ આઠ બેઠકોમાં હરિયાણા અને તમિલનાડુની બે-બે બેઠકો સામેલ છે.




જ્યારે છત્તીસગઢ, મહારાષ્ટ્ર, તેલંગાણા અને આંધ્રપ્રદેશની એક-એક બેઠક સામેલ છે.ચૂંટણી પંચે જે આઠ બેઠકો પરના ઈવીએમ તપાસવાનો આદેશ આપ્યો છે, તેમાંથી ભાજપે ત્રણ બેઠકો અને કોંગ્રેસે બે બેઠકો જીતી છે. આ ઉપરાંત બાકીની ત્રણ બેઠકો અન્ય પક્ષોએ જીતી છે.

ચૂંટણી પંચ દ્વારા જણાવાયું છે કે, લોકસભા ચૂંટણી-૨૦૨૪માં ઈવીએમમાં ગેરરીતિ થઈ હોવાની આઠ ફરિયાદો મળી છે, જેમાં ઈવીએમની મેમરી અને માઈક્રો કંટ્રોલરની તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. ચૂંટણી પંચ હવે આ આઠ બેઠકો પરના ૯૨ મતદાન કેન્દ્ર પર ઉપયોગમાં લેવાયેલા ઈવીએમની તપાસ કરશે.આ ઉપરાંત ચૂંટણી પંચે આંધ્ર પ્રદેશ અને ઓડિશાની ત્રણ વિધાનસભા બેઠકોના ઈવીએમની પણ તપાસ કરવાના આદેશ આપ્યા છે. પંચે કહ્યું કે, આ બંને રાજ્યોના ૨૬ મતદાન મથકો પરના ઈવીએમની તપાસ કરવામાં આવશે.

# મોરબી પ્રદુષણના કારણે ખેતર બની ગયું બંજર: દશ દિવસ થયા છતાં કોઈ કાર્યવાહી નહીં!

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જિલ્લામાં મોરબી તાલુકાના જસમતગઢ ગામ ની સીમ માં આવેલ ખેતરના માલિક પ્રાણજીવનભાઈ કાલરીયા એ તેના ખેતરમાં બાજુની ફેક્ટરી દ્વારા કેમીકલયુક્ત પાણી અને પ્લાસ્ટિક નો વેસ્ટેજ ખેતરમાં ફેલાવે છે. જે પ્રદૂષણથી ખેતી બંજર બની ગઈ છે અને કોઈ વાવેતર કરેલો પાક ઉગતો નથી. તે પ્રદુષણ અટકાવવા મોરબી જિલ્લાની રફાળેશ્વર સ્થિત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની કચેરીને લેખિત અરજી કરી છે.જેને આજે ૧૧ દિવસ પૂરા થયા છે. છતાં હજુ સુધી પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ એ સ્થળ ઉપર જઈને તપાસ કરી નથી. ત્યારે હાલ વરસાદી માહોલ હોય વરસાદ પડે તો આ કેમિકલ યુક્ત પાણી ધોવાઈ જાય અને પુરાવાનો નાશ થાય તેની રાહ જોઈને તો આ તંત્ર બેઠું તો નથી ને? તેઓ સવાલ પ્રદૂષણનો ભોગ બનતા લોકોએ ઉઠાવ્યો છે.



આ બાબતે વાત કરીએ તો જીવાપર ગામે રહેતા ખેડૂત પ્રાણજીવન નાનજીભાઈ કાલરીયા ની જમીનમાં જસમતગઢ ગામની સીમમાં આવેલી છે. તે જમીનનાં સેઢે ગ્રેનાઈટો એલએલપી ફેક્ટરી છેલ્લા સાતેક વર્ષથી ચાલી રહી છે તે ફેક્ટરી નો પ્લાસ્ટિક વેસ્ટેજ અને કેમિકલયુકત પાણી આ પ્રાણજીવનભાઈના ખેતરમાં કાઢે છે. જેના પ્રદુષણના કારણે હાલ આ ખેતરમાં કોઈ વાવેતર થઈ શકતું નથી અને વાવેલો પાક ઉગતો નથી પ્રદુષણના કારણે આ જમીન બંજર બની ગઈ છે. ખેતરમાં નકામા છોડ નો ઉપદ્રવ વધી ગયો છે. ખેડૂતની આજીવિકા હોય આ પ્રદૂષણ તાત્કાલિક બંધ કરાવવા મોરબી પ્રદૂષણ બોર્ડને લેખિત અરજી તારીખ ૧૦-૬-૨૦૨૪ નાં રોજ કરી છે. આ લખાય છે ત્યાં સુધીમાં પ્રદુષણ નિયંત્રણ બોર્ડના કોઈ અધિકારી કે કર્મચારી એ આ સ્થળની મુલાકાત લીધી નથી. ત્યારે હાલ વરસાદ આવવાનો સમય થઈ ગયો છે. જો વરસાદ પડે તો કેમિકલયુક્ત પાણી ધોવાઈ જાય અને પુરાવાનો નાશ થાય તેવી કોઈ હરકત તો આ પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારી કે કર્મચારીની નથી ને? તેવો સવાલ લોકોએ ઉઠાવ્યો છે. ત્યારે આ અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તંત્ર શું કાર્યવાહી કરે છે તે જોવું રહ્યું!

# જામનગર બન્યું યોગમય: જામનગર જિલ્લામાં હજારો લોકોએ યોગ કરી આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરવાસીઓ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ની ઉજવણીમાં ઉત્સાહભેર જોડાયા આજનો દિવસ વસુધૈવ કુટુમ્બકમ અને સર્વેત્ર સુખિન: સન્તુ, સર્વે સન્તુ નિરામયા''ની ભારતીય સંસ્કૃતિની ભાવનાના દર્શન કરાવે છે-મંત્રી રાઘવજીભાઈ પટેલ અજીતસિંહજી ક્રિકેટ પેવેલિયન ખાતે કૃષિ મંત્રી, જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ અધિક્ષક સહિત બહોળી સંખ્યામાં નગરજનોએ યોગાભ્યાસ ક્યા ૨૧ જૂન, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૨૦૧૪માં યુનાઇટેડ નેશન્સ દ્વારા ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કરવામાં આવ્યો છે અને ૨૦૧૫ થી આ દિવસ વિશ્વના દેશોમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવાય છે.જે અંતર્ગત ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની 'સ્વયં અને સમાજ માટે યોગ'ની થીમ પર જિલ્લાના વિવિધ સ્થળોએ હજારોની સંખ્યામાં જામનગરવાસીઓ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ની ઉજવણીમાં ઉત્સાહભેર જોડાયા હતા અને યોગ પ્રાણાયામ કર્યા હતા.આ પ્રસંગે કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલે પ્રસંગોચિત ઉદબોધન કરતાં



જણાવ્યું હતું કે આજે વિશ્વ યોગ દિને વસુધૈવ કુટુમ્બકમ અને સર્વેત્ર સુખિન: સન્તુ સર્વે સન્તુ નિરામયા''ની ભારતીય સંસ્કૃતિની ભાવનાના દર્શન થાય છે.યોગ એ ઋષિમુનીઓએ માનવજાતને આપેલી અમૂલ્ય ભેટ છે.દુનિયાના લોકો યોગ વડે તંદુરસ્ત અને સુખી બને તેવા ઉમદા આશયથી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી ૨૧ મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાનો ઐતિહાસિક નિર્ણય લેવાયો અને આજે સમગ્ર વિશ્વ આ યોગ દિવસની ઉજવણી કરી રહ્યું છે.રાજ્ય સરકારે પણ યોગ પ્રવૃત્તિને વ્યાપક પ્રમાણમાં વિકસાવવા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ની રચના કરી જેના માધ્યમથી યોગનો વિપુલ પ્રમાણમાં પ્રચાર પ્રસાર થઇ રહ્યો છે જેના પરિણામ સ્વરૂપ આજે જનભાગીદારી સાથે ૭૨,૦૦૦ થી વધુ સ્થળો પર યોગ દિવસનો કાર્યક્રમ યોજાઈ રહ્યો છે.ગ્રામ પંચાયત સ્તરથી લઈને મહાનગરપાલિકાના વોર્ડ કક્ષા સુધી, શાળા, કોલેજ, આઈ.ટી.આઈ., જેલ, પોલીસ, આરોગ્ય સેવા જેવા વિભાગો અને યોગ પ્રેમી નાગરિકોની ભાગીદારી સાથે આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસે સમગ્ર જામનગર જિલ્લો યોગમય બન્યો હતો. જામનગર જિલ્લા ખાતે વહીવટી તંત્ર દ્વારા તાલુકા કક્ષા, નગરપાલિકા કક્ષા તેમજ જિલ્લા કક્ષા અને મહાનગરપાલિકા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જિલ્લા કક્ષાનો કાર્યક્રમ અજીતસિંહજી ક્રિકેટ પેવેલિયન તથા મહાનગરપાલિકા કક્ષાનો કાર્યક્રમ રણમલ તળાવ ગેટ નં.૦૧ ખાતે યોજાયો હતો. તેમજ ૧૦મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અન્વયે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પ્રેરક સંબોધનનું પણ સમગ્ર જિલ્લામાં જીવંત પ્રસારણ કરવામાં આવ્યુ હતુ. જિલ્લા કક્ષાના કાર્યક્રમ ખાતે મુખ્ય અતિથી તરીકે કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ તથા કલેક્ટર બી.કે.પંડયા, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, અધિક કલેક્ટર બી.એન.ખેર, અગ્રણી સહિતના અધિકારી, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને યોગાભ્યાસ કર્યો હતો. જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ ગિરીશ સરવૈયાએ શંખનાદ કરી યોગાભ્યાસની શરૂઆત કરાવી હતી જ્યારે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના કો-ઓર્ડીનેટર પ્રીતિબેન શુક્લ તથા તેમની ટીમે ઉપસ્થિત સૌ કોઈને યોગ પ્રાણાયામ કરાવ્યા હતા.સાથે સાથે જી.પી.એસ. સ્કુલ કાલાવડ, જી.એમ.પટેલ કન્યા વિદ્યાલય ધ્રોલ, વિઝન સ્કુલ જામજોધપુર, સાંઈ વિદ્યાસંકુલ જોડિયા, વીર સાવરકર હાઈસ્કુલ લાલપુર તેમજ સ્વામીનારાયણ ગુરુકુળ, નાઘેડી ખાતે તાલુકા કક્ષાના કાર્યક્રમો પણ યોજાયા હતા.

# આજે વિશ્વ યોગ દિવસ નિમિતે મોરબીમાં જિલ્લા કક્ષાનો યોગ દિવસની ઉજવણી કરાઇ



**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** મોરબી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરાયેલા આ આયોજનમાં જિલ્લા કલેકટર, એસપી,ધારાસભ્ય સહિતના આગેવાનો અને શાળાના વિદ્યાર્થીઓ તેમજ પોલીસ જવાનો એ ઉપસ્થિત રહી અને યોગ કર્યા હતા.

મોરબીમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ આ યોગ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નું લાઈવ પ્રસારણ,વડાપ્રધાન મોદી નું લાઈવ પ્રસારણ નિહાળી દરેક લોકોએ યોગ વિશે માહિતી મેળવી હતી અને યોગ ને કારણે થતા ફાયદાઓ અંગે માહિતગાર થયા હતા.ત્યાર બાદ યોગ ટીચર દ્વારા તમામ લોકોને યોગ કરાવવામાં આવ્યા હતા જેમાં મોરબી જિલ્લા કલેકટર કે.બી.ઝવેરી,જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠી,મોરબી ધારાસભ્ય કાંતિ અમૃતિયા સહિત મોરબી જિલ્લાના અધિકારીઓ અને પદાધિકારીઓ,તેમજ શાળાના બાળકો અને પોલીસ જવાનો મળી ને મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને સર્વે એ સાથે મળીને યોગ કર્યા હતા.

# વાંકાનેર તરકિયા ગામે પ્લાન્ટ કરેલ એક્સપ્લોઝિવના જથ્થાને નાશ કરવા કરાશે બ્લાસ્ટિંગ

## આવતીકાલે સવારે ૮ થી રાત્રિના ૮ વાગ્યા સુધી બે કિ.મી ત્રિજ્યામાં પ્રવેશ બંધી અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરાયુ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકા પોલીસના દાખલ થયેલ એકસપોઝિવ બ્લાસ્ટના ગુન્હા મામલે બોરમાં રાખેલ એકસોલોઝિવને બ્લાસ્ટ કરવા માટેની મજૂરી મળતા તા.૨૨ નાં રોજ તે બ્લાસ્ટ કરવામાં આવનાર હોવાથી ત્યાંથી સવારે ૮ થી રાત્રિના ૮ વાગ્યાના સમય ગાળામાં ત્યાંથી પસાર ન થવા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.



પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી એસ.ઓ.જી મોરબી દ્વારા તા.૧૦-૦૬-૨૦૨૪ નાં રોજ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં એફ.આઇ.આર નંબર ૧૧૧૮૯૦૦૮૨૪૦૫૮૬ તા.૧૦ નાં રોજ વાંકાનેર તાલુકાના તરકિયા ગામના સરકારી ખરાબાનાં સર્વે નંબર ૧૬૩/૧ પૈકી ૨૪ વળી જગ્યા જે દીપડાધાર તરીકે ઓળખાતી જગ્યામાં બ્લાસ્ટ કરવા માટે આશરે ૬૫૦ કી. ગ્રા. જેટલો પ્લાન્ટ કરેલ હોય જેથી આ જથ્થો બહાર કાઢી શકાય તેવી સ્થિતિમાં ન હોવાથી તે બ્લાસ્ટ થવાની શક્યતાઓ હોવાથી આ ડઊજ્ય,વડોદરા તરફથી મંજૂરી મળેલ હોય તેમજ આ ગુન્હા વાળી જગ્યાએ પ્લાન્ટ કરેલ એક્સોલોઝિવને નાશ કરવા માટે નામદાર વાંકાનેર કોર્ટ દ્વારા મંજૂરી આપેલ છે.

એક્સપ્લોઝિવ જથ્થાનો નાશ કરવા માટે જરૂરી સાધનો તથા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટશ્રીની હાજરીમાં તેમજ બે કિ.મીની ત્રિજ્યામાં કોઈ એ પસાર નહિ થવા માટે તા.૨૨-૦૬-૨૦૨૪ નાં સવારે ૮ થી રાત્રિના ૮ વાગ્યા સુધીનાં સમયગાળા પૂરતું પ્રવેશબંધ નું જાહેરનામું જિલ્લા કલેક્ટર કે.બી.ઝવેરી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ કામે જાહેર જનતાની જાનમાલની સલામતી માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મળેલ અધિકારની રૂએ કે.બી.ઝવેરી ઈઅજા), જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી દ્વારા આદેશ કરવામાં આવ્યો છે કે મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના તરકીયા ગામના સરકારી ખરાબાના સર્વે નં. ૧૬૩/૧ પૈકી ૨૪ વાળી જગ્યા જે દીપડાધાર તરીકે ઓળખાતી જગ્યામાં બ્લાસ્ટ કરવા માટે પ્લાન્ટ કરેલ એકસપ્લોઝીવ જથ્થાને નાશ કરવા માટે જરૂરી સાધનો તથા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીની હાજરીમાં ''લોકોને ભય, હરકત અથવા અગવડ ન થાય તેટલા માટે રસ્તામાંથી તથા સાર્વજનિક જગા ઉપરની સર્વ પ્રકારની રાહદારોનું તથા સવાર થઈને જનારા અથવા ગાડીમાં જનારા અથવા સાઇકલ ઉપર જનારા અથવા ચાલતા જનારાઓનું અથવા દોરીને લઈ જનારા અથવા ઢોર સાથે જનારાઓએ રસ્તાના તથા સાર્વજનિક જગાના કરવાના ઉપયોગનું નિયમન કરવા'' સારૂ તા.૨૨/૦૬/૨૦૨૪ના કલાક સવારે ૮ થી રાત્રિના ૮ વાગ્યા સુધીના સમયગાળા પુરતુ ઉક્ત સ્થળેથી કોઇ વ્યક્તિએ પ્રવેશવું નહી કે ત્યાંથી પસાર થવું નહી. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ ની તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

# જામનગરમાં વૈષ્ણવ સમાજ દ્વારા ફિલ્મ મહારાજના વિરોધમાં આવેદનપત્ર અપાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં વૈષ્ણવ સમાજ દ્વારા ફિલ્મ મહારાજના વિરોધમાં આવેદનપત્ર યશરાજ ફિલ્મ્સ દ્વારા વિવાદાસ્પદ ફિલ્મ મહારાજ સામે સમગ્રદેશમાં ચોમેર વિરોધ થઈ રહ્યો છે. હાઈકોર્ટ દ્વારા આજે ફિલ્મ જોયા બાદ ઓટીપી પ્લેટફોર્મ પર રિલીઝ કરવા અંગે નિર્ણય કરવામાં આવશે તે દરમિયાન રાજ્યભરમાં સનાતન ધર્મની અને વૈષ્ણવ સમાજની ધાર્મિક લાગણી દુભાયેલ છે તે અંગે ઠેર ઠેર વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. જામનગરમાં પણ પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ સંપ્રદાય જામનગર વૈષ્ણવ સમાજ તથા હિન્દુ ધર્મ સંસ્થાઓ દ્વારા મોટી હવેલીના વલ્લભરાયજી મહોદયના નેતૃત્વમાં જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.આ વેળા વિશ્વ હિન્દુ



પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રમુખ ભરતભાઈ મોદી, જામનગર જિલ્લા પ્રમુખ ભરતભાઈ ડાંગરીયા, જામનગર વૈષ્ણવ સમાજના પ્રમુખ વજુભાઈ પાબારી, જામનગર લોહાણા સમાજના પ્રમુખ ભરતભાઈ મોદી (સાબુવાળા), જામનગર લોહાણા સમાજના ૫ ઉપપ્રમુખ તથા નવાનગર બેંકના ડાયરેક્ટર ચેતનભાઈ, વિરદાદા જશરાજ ફાઉન્ડેશન, જનજાગૃતિ અભિયાન સમિતિના પ્રમુખ ભરતભાઈ કાનાબાર, હિન્દુસેનાના પ્રદેશ અધ્યક્ષ પ્રતિકભાઈ ભટ્ટ, પૂર્વ મેયર અમીબેન પરિખ, પૂર્વડીજીપી તથા સિનિયર વકીલ બિમલભાઈ ચોટાઈ, ધારાશાસ્ત્રીઓ સર્વ દિલીપભાઈ મામતોરા, કિરીટભાઈ સોલંકી, હેમલભાઈ ચોટાઈ, મિલનભાઈ મોદી, વૃજલાલભાઈ પાઠક સહિતના વૈષ્ણવ સંપ્રદાયના અગ્રણીઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા અને આ ફિલ્મ જેના પરથી બની છે તે પુસ્તકના લેખક સૌરભ શાહ, આર.આર.શેઠ પ્રકાશક એન્ડ કંપની, ફિલ્મના મેકર યશરાજ પીકચર્સ પ્રાઈવેટ લીમીટેડ અને ઓટીટી પ્લેટફોર્મ પર પ્રદર્શિત કરનાર નેટફ્લીકસ ઈન્ડિયા સામે ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડવા અંગે ગુનો નોંધવા પ્રબળ માંગણી કરવામાં આવી છે.

# જામનગર જી.જી.હોસ્પિટલના તજજ્ઞો દ્વારા બે દર્દીઓની લંબમજજાની ગાંઠ જટીલ ઓપરેશન વડે દુર કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જી.જી.હોસ્પિટલ ખાતે ફુલ ટાઈમ ન્યુરોસર્જનની રાજ્ય સરકાર દ્વારા નિમણૂંક થતા જામનગર તથા આસપાસના જિલ્લાના જરૂરીયાતમંદ દર્દીઓને શ્રેષ્ઠ સારવાર સ્થાનિક કક્ષાએ જ મળતી થઈ



જામનગર, ગુરૂ ગોવિંદસિંઘ સરકારી હોસ્પિટલ જામનગર ખાતે ફુલ ટાઈમ ન્યુરોસર્જરી તજજ્ઞોની રાજ્ય સરકાર દ્વારા નિમણૂંક થતા તાજેતરમાં જ ન્યુરોસર્જરી વિભાગના સુપર સ્પેશિયાલિસ્ટ તજજ્ઞો ડો.ભૌમિક ચુડાસમા અને ડો.તેજસ ચોટાઈ દ્વારા દાહોદ તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૯ તથા ૮૦ વર્ષના દર્દીઓના લંબમજજાના ખુણે ચોંટેલી ગાંઠનું ખૂબ જ જટીલ ઓપરેશન સફળતાપૂર્વક પુર્ણ કરી નવજીવન આપેલ છે. આ પ્રકારની ગાંઠ મગજના પાછળના ભાગે આવેલી હોય છે અને જેનું ઓપરેશન ખુબ જ જટીલ હોય છે.ઓપરેશન દરમિયાન મગજની આસપાસના નાજુક ભાગોને સલામત રાખીને સર્જરી કરવાની હોય છે.નહીતર દર્દીનાં અમુક કાર્યો કાયમી રીતે ખોરવાઈ શકે છે.આવા બે દર્દીઓના જટીલ ઓપરેશન જી.જી.હોસ્પિટલ ખાતે સફળતાપૂર્વક કરવામાં આવેલ છે.જે બાદ ૩-૪ દિવસ પછી બન્ને દર્દી જાતે ચાલી શકે અને વાતચીત કરી શકે તેવી સ્થિતિમાં તેઓને રજા આપવામાં આવેલ છે.

ઉલ્લેખનીય છે કે આ પ્રકારની સુવિધાઓ જી.જી.સરકારી હોસ્પિટલમાં ન્યુરોસર્જરી વિભાગ શરૂ થયા પછી ઉપલબ્ધ થઈ છે.હેમરેજ, સ્ટ્રોક, કરોડરજજુ તથા મગજની ગાંઠના ઓપરેશન ઉપરાંત નાના બાળકોના મગજ અને કરોડરજજુની ગાંઠ, મગજમાં પાણી ભરાઈ જવું અને જન્મજાત ખોટ વગેરે ઓપરેશન જી.જી.હોસ્પિટલમાં કાર્યરત તજજ્ઞ ડોક્ટરો દ્વારા કરવામાં આવી રહ્યા છે.ન્યુરો સર્જરી વિભાગની રેગ્યુલર ઓ.પી.ડી.સોમવાર અને શુક્રવાર તથા કરોડરજજુની સ્પેશીયલ ઓ.પી.ડી.બુધવારના રોજ કાર્યરત રહે છે.તથા ઈરમજન્સી અને દાખલ દર્દી માટે ૨૪ કલાક આ સેવા ઉપલબ્ધ છે. ડીન ડો.નંદની દેસાઈ, સુપ્રિટેન્ડન્ટ ડો.દીપક તીવારી, સર્જરી વિભાગના વડા ડો.કેતન મહેતા, એનેસ્થેશીયા વિભાગના વડા ડો.વંદના ત્રિવેદી વગેરેના માર્ગદર્શન અને સહકારથી આ પ્રકારની સુવિધા શરૂ થતા જામનગર તથા આસપાસના જિલ્લાઓના જરૂરીયાતમંદ દર્દીઓને શ્રેષ્ઠ સારવાર સ્થાનિક કક્ષાએ જ મળવાની શરૂ થઈ છે.

# જામનગર જિલ્લાના જોગવડ ગામે ૧૦ સગર્ભા માતાઓ અને ૬૮ બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન તળે છેવાડાના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા નાગરિકોનું રસીકરણ પૂર્ણ કરાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. લાલપુર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પડાણાના સબ સેન્ટર જોગવડ ગામમાં જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ૩૦ ટીમ બનાવીને રૂટીન આરોગ્ય સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી.જોગવડ ગામમાં પરપ્રાંતિય મજૂરોની ખૂબ અવર-જવર રહેતી હોય છે અને અમુક લાભાર્થીઓ રસીકરણ વિષે વિવિધ અફવાઓથી ડરીને લાભથી વંચિત રહી ગયા હોવાનું સામે આવ્યું હતું. તાજેતરમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના ડો. વિનય કુમાર અને વિજયભાઈ દ્વારા શંકાસ્પદ ડીપ્થેરિયા કેસ, ઓરી રુબ્બેલા કેસ બાબતે જોગવડ ગામની મુલાકાત લેવામાં આવી હતી. તેઓની ક્ષેત્રીય મુલાકાત દરમિયાન રસીકરણ ના કરાવ્યું હોય તેવા બાળકો આ વિસ્તારમાં રહેતા હોવાનું સામે આવ્યું હતું. વિનય કુમાર અને જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા લાલપુર તાલુકા આરોગ્ય અધિકારી ડો.પી.ડી.પરમારને જોગવડ ગામમાં ખાસ સર્વે ટીમો દ્વારા વ્યવસ્થિત રીતે હેલ્થ સર્વેલેન્સ કરાવવાની ખાસ સૂચના અપાઈ હતી. લાલપુર તાલુકાના તાલુકા હેલ્થ ઓફિસર ડો.પી.ડી. પરમાર, સુપરવાઈઝર ટી.એમ.પી.એસ. મકવાણા ભાઈ, ટી.એચ.વી. નઝમાબેન કંઠીયા, મેડિકલ ઓફિસર ડો.આંબલીયા, આયુષ ટીમના.ડો.માનસી સાથે રૂટીન હેલ્થ સર્વેલેન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રૂટીન આરોગ્ય સર્વેન્સમાં લાલપુર તાલુકાની કુલ ૩૦ ટીમ બનાવીને જોગવડ ગામના કુલ ૩૦ એરીયા કવર કરવામાં આવ્યા હતા અને આ સર્વેમાં જેટલા રસીકરણથી અરક્ષિત બાળકો તેમજ સગર્ભા માતાઓની યાદી બનાવવામાં આવી હતી. આ સાથે લાભાર્થીઓ માટે આયુષ્યમાન કાર્ડની કામગીરી અને આભા આઈડી કાર્ડ કાઢવાની કામગીરી કરવામાં આવી હતી. ૩ દિવસ ચાલેલી આ રસીકરણ ઝુંબેશમાં પરપ્રાંતીય શ્રમિકોને સરળ ભાષામાં કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. તેઓ રસીકરણ માટે સહમત બનતા ૧૦ સગર્ભા માતાઓ અને ૬૮ બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું હતું.

ઉપરાંત મેલેરિયા સર્વેલન્સ, ટીબી સર્વેલન્સ, પાણીજન્ય રોગચાળા ન ફેલાય તેની કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પડાણાનો સમગ્ર સ્ટાફ, લાલપુર તાલુકાના જુદા જુદા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના એમ.પી.એસ., એમ.પી.એચ.ડબ્લ્યુ, સી.એચ.ઓ.એ ફરજ બજાવી હતી. સમગ્ર આયોજન બદલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પડાણાના સુપરવાઇઝર એમ.પી.એસ. ગોસાઈભાઈ, એફ.એચ.એસ. જલ્પાબેન ચાવડા, એમ.પી.એચ.ડબ્લ્યુ વિજય ભાટીયાએ જહેમત ઉઠાવી હતી.

# દ્વારકા જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને આરોગ્ય વિષયક કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

દ્વારકા, જિલ્લા કલેક્ટર જી.ટી.પંડ્યાના અધ્યક્ષસ્થાને ગવર્નીંગ બોડી/જિલ્લા આરોગ્ય સંકલનની બેઠક મળી હતી. જેમાં કલેક્ટરએ આરોગ્ય વિભાગને લગતા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરી જરૂરી સુચનો કર્યા હતા તેમજ આરોગ્યલક્ષી કામગીરી અંગે સમીક્ષા કરી હતી.બેઠકમાં જિલ્લા કલેક્ટરએ માતા અને બાળ મરણ સર્વેલન્સ રિસ્પોન્સ કમિટિ અંતર્ગત થયેલા માતૃ-બાળ મરણ અંગે સમીક્ષા કરી આ અંગે સઘન પગલા લઇ જરૂરી



મુદ્દાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ગવર્નીંગ બોડી અને જાહેર આરોગ્ય સંકલન સમિતિ અંતર્ગત થયેલી કામગીરીની ગત વર્ષ સાથે સરખામણી તથા એ.એન.સી. રજીસ્ટ્રેશન, અર્લી એ.એન.સી., ડિલિવરી,

ઈમ્યુનાઈઝેશન બાબતે ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત કલેક્ટર દ્વારા સંચારી રોગચાળા અટકાયતી પગલાં માટે સુસજ્જ રહેવા તાલુકા વિકાસ અધિકારીઓ, ચીફ ઓફિસરઓ તેમજ આરોગ્ય તંત્રને સૂચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કલેક્ટરની અધ્યક્ષતામાં પીએમજેવાય કમિટીની બેઠક, તમાકુ નિયંત્રણ અધિનિયમ હેઠળ જિલ્લા સંકલન સમિતિની બેઠક, નેશનલ વાયરલ હિપેટાઈટીસ કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત બેઠક, જિલ્લા ટી.બી. ફોરમ, જન્મ મરણ અંગેની સંકલન બેઠક, ૧૫મું નાણાપંચ, છઈંજઈૈં ભજ્ઞક્ષદ્યલિયક્ષભય કમિટી, ડીસ્ટ્રીક્ટ ટાસ્ક ફોર્સ ફોર ઈમ્યુનાઈઝેશનની બેઠક મળી હતી. કલેક્ટરએ આરોગ્ય વિભાગના તમામ અધિકારીઓ - કર્મચારીઓ સઘન કામગીરી હાથ ધરે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા.

આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેષ ભંડેરી દ્વારા પ્રેઝન્ટેશનના માધ્યમથી આરોગ્ય શાખાની કામગીરી અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. બેઠકમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# એસપી કચેરી ખાતે નવયુગ ગ્રુપ ઓફ એજયુકેશન-મોરબી દ્વારા નવા ફોજદારી કાયદા અંગે કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**


હાલ સમગ્ર દેશમાં નવા ફોજદારી કાયદા લાગુ પડેલ હોય જેમાં હાલ આઇપીસી, સીઆરપીસી તથા ઇવી એક્ટને બદલીને તેના સ્થાને ભારતીય ન્યાય સંહિતા (બીએસએન) લેશે ત્યારે નવયુગ ગ્રુપ ઓફ એજયુકેશન-મોરબી દ્વારા મોરબી જીલ્લા પોલીસવડા કચેરી ખાતે નવા ફોજદારી કાયદા અંગે

જઙ કચેરી મોરબી ખાતે નવા ફોજદારી કાયદા અંગે પોલીસ વિભાગના કર્મચારીઓ, અધિકારીઓ માટે માહિતી પૂરી પાડવા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક કચેરી ખાતે નવા ફોજદારી કાયદા અંગે અવગત કરવા માટેના એક કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં આગામી સમયમાં અમલમાં આવનારા નવા ફોજદારી કાયદા જેવા કે, ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ અંગે પ્રાસંગીક કાર્યક્રમ યોજાયેલ તેમાં નવયુગ ગ્રુપ ઓફ એજયુકેશનના પ્રમુખ અને પ્રખર શિક્ષણવિદ પી.ડી.કાંજીયા સંચાલિત નવયુગ લો કોલેજ-વીરપર(મોરબી)ના પ્રિન્સિપાલ ડો.સંઘવીએ નવા ફોજદારી કાયદામાં આવનાર ફેરફાર અંગે પોલીસ અધિકારીઓ, પીએસઆઈ, આઈએસઆઈ તથા અન્ય પોલીસ કર્મીઓને રસપ્રદ માહિતી પુરી પાડેલ હતી. સમયના વહેણની સાથે અંગ્રેજના સમયના જુના પુરાણા જુના કાયદાના સ્થાને નવા કાયદાની અમલ કરવાની શા માટે જરૂરીયાત ઉપસ્થિત થઈ તે અંગે સમજણ આપેલ હતી. તેમજ અત્યારના આધુનિક સમયમાં કાયદાને મજબૂત કરી ગુનાખોરીના ક્ષેત્રે બદલાતી જતી પધ્ધતિઓ અંગે જાણ કરેલ હતી. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં પોલીસકર્મીઓ હાજર રહેલ હતા.

# રાજકોટમાં વિશ્વ યોગ દિવસની કરાઈ ઉત્સાહભેર ઉજવણી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યોગ એ આપણી ભારતીય સંસ્કૃતિની દેન છે. પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી યોગ વિદ્યાને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સંયુક્ત રાષ્ટ્રસંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ ૨૧મી જુનને પઆંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સયુંક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજુર કરવામાં આવેલ. જેના ભાગરૂપે સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧મી જુનના દિવસને પઆંતરરાષ્ટ્રીય યોગ દિવસથ તરીકે ઉજવવામાં આવે છે.યોગનો પ્રચાર પ્રસાર થાય અને યોગને પ્રોત્સાહન મળે તે માટે આ વર્ષે પણ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે તા.૨૧મી જુનના રોજ ૧૦માં વિશ્વ યોગ દિવસ નિમિતે સવારે ૦૬:૦૦ કલાકે શહેરના પાંચ સ્થળોએ યોગનું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં (૧) સેન્ટ્રલ ઝોન, શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ, રેસકોર્ષ (૨) વેસ્ટ ઝોન, નાનામવા ચોક ખાતેનું મેદાન, (૩) ઈસ્ટ ઝોન, ગ્રીન લેન્ડ પાર્ટી પ્લોટ, (૪) મહાત્મા ગાંધી મ્યુઝિયમ અને (૫) જીજાબાઈ મહિલા સ્નાનાગાર, સાધુ વાસવાણી રોડ ખાતેના સ્થળનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકાર દ્વારા વિશ્વ યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી બનાસકાંઠાના સરહદી વિસ્તાર નડાબેટ ખાતે યોજવામાં આવેલ.આ યોગ કાર્યક્રમમાં બી.એસ.એફ.ના જવાનો બહોળી સંખ્યામાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદબોધન કરતા માન.મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ જણાવેલ કે, આજે આખી દુનિયા ૧૦માંવિશ્વ યોગ દિવસની જોશભેર ઉજવણી કરી રહી છે. ભારત માટે આ ખૂબજ ગૌરવની બાબત છે. માન.પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર વિશ્વમાં યોગની ઓળખ કરાવી છે. પ્રાચીનકાળથી ઋષિમુનિઓ પાસેથી મળેલી યોગની અને તેના થકી થતા અગણિત લાભોની અમૂલ્ય ભેટ વિષે આપણા વેદ, ઉપનિષદ અને પુરાણમાં પણ ઉલ્લેખ મળે છે. રાજ્ય સરકારએ યોગના પ્રચાર પ્રસાર માટે રાજ્ય યોગ બોર્ડની સ્થાપના કરેલ છે. આજે હવે યોગ એક જન આંદોલનમાં પરિવર્તિત થઈ ચુક્યું છે.

# સ્વીમીંગપુલમાં બાળકીથી માંડીને વૃધ્ધા સહિતના મહિલાઓએ કર્યા એકવા યોગ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિશ્વ યોગ દિવસ નિમિતે દર વર્ષની માફક આ વર્ષે પણ જીજાબાઈ મહિલા સ્નાનાગાર સાધુ વાસવાણી રોડ ખાતે મહિલાઓ દ્વારા સ્નાનાગારમાં એક્વા યોગાનું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રી જીજાબાઇ મહિલા સ્નાનાગારમાં ૨૦ વર્ષથી ૬૫ વર્ષ સુધીની વય જૂથની ૫૦ જેટલી મહિલાઓ દ્વારા પાણીની અંદર એક્વા યોગા કરવામાં આવ્યા. યોગ પ્રોટોકોલમાં દર્શાવ્યા મુજબના વિવિધ આસનો ઉપરાંત ઊભા રહીને કરવાના આસનો, બેસીને કરવાના આસનો,ઊંધા સુઈને તેમજ સીધા સુઈને કરવાના આસનોનો સમાવેશ થાય છે. એક્વા યોગા સવારે ૭:૦૦ કલાકેથી શરૂ થશે અને સતત ૪૫ મિનિટ સુધી પાણીમાં રહીને એકવા યોગા કરવામાં આવેલ. અંતમાં પ્રાણાયામ અને ધ્યાન સાથે એક્વા યોગાનું સમાપન કરવામાં આવેલ.

જીજાબાઈ મહિલા સ્નાનાગાર ખાતે શાસકપક્ષ નેતાશ્રી લીલુબેન જાદવ, કમિટી ચેરમેનઓ રસીલાબેન સાકરીયા, સોનલબેન સેલારા, સ્ટેન્ડિંગ કમિટી સભ્યોશ્રીઓશ્રી જ્યોત્સનાબેન ટીલાળા, ભારતીબેન પરસાણા, શ્રીદક્ષાબેન વસાણી, મંજુબેન ફુગસીયા, રૂચિતાબેન જોશી, વર્ષાબેન રાણપરા ઉપસ્થિત રહેલ.

આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન કરતા શાસકપક્ષ નેતા લીલુબેન જાદવએ એકવા યોગાથી થતા ફાયદા તથા મહિલા સશક્તિકરણ વિષે જણાવેલ હતું. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન કોર્પોરેટર રૂચિતાબેન જોશી દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમની આભારવિધિ કોર્પોરેટર જ્યોત્સ્નાબેન ટીલાળા દ્વારા કરવામાં આવેલ.

## સદરમાં માનસિક બિમારીથી કંટાળી મહિલાનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સદર વિસ્તારમાં ઈગલ ટ્રાવેલ્સની સામેની શેરીમાં દરગાહ પાસે રહેતી ફરીદાબેન અબ્દુલભાઈ કાલાવરીયા (ઉ.વ.૩૨) નામની મહિલા ગઈ તા.૪/૬ના રાત્રીના ૧:૩૦ વાગ્યે પોતાના ઘરે હતી ત્યારે માનસિક બિમારીથી કંટાળી જઈ તેણીએ ગળેફાંસો ખાઈ લેતા બેભાન હાલતમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવી હતી. આજે વહેલી સવારે હોસ્પિટલના બિછાને મહિલાએ દમ તોડી દેતા મુસ્લિમ પરિવારમાં માતમ છવાય ગયો હતો. બનાવ અંગેની જાણ પ્ર.નગર પોલીસને કરવામાં આવતા પોલીસ કાફલો હોસ્પિટલ ખાતે દોડી જઈ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

## મનરેગામાં થયેલા ભ્રષ્ટાચારમાં ટીડીઓની કડક કાર્યવાહી

### જસદણ ટીડીઓએ મનરેગાના ભ્રષ્ટાચારમાં શામેલ દેવપરા, બાખલવડ અને હડમતીયા(ખાંડા) ગામના મેટને તમામ હોદ્દાપરથી દૂર કર્યા, જ્યારે ગેરહાજર રહેલા તમામ શ્રમિકોની તે દિવસની રોજગારી અને તે દિવસનું થયેલું કામ પણ કપાત કરવામાં આવ્યું

**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળિયા**

**જસદણ:** દેશના ગ્રામીણ વિસ્તારોમાં લોકોને રોજગાર આપવા માટે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદો (મનરેગા) લાગુ કરવામાં આવ્યો છે. આ કાયદા હેઠળ રોજગારની ખાતરી આપવામાં આવી છે. જેથી જરૂરિયાતમંદ લોકો તેમની આજીવિકા મેળવી શકે. સમય જતાં આ કાયદાને લગતા નિયમોમાં ઘણા ફેરફારો કરવામાં આવ્યા હતા. જેમાં ભ્રષ્ટાચાર પર અંકુશ લાવવા માટે કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલયની માર્ગદર્શિકા પર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (ખત્રક્ષ્ઠાઈઊત્રક્ષ્અ) હેઠળ કામ કરતા મજૂરો માટે ૧ જાન્યુઆરી ૨૦૨૩ થી ડિજિટલ હાજરી મૂકવી ફરજિયાત કરવામાં આવી હતી. આ કાયદામાં ફેરફારનો હેતુ ભ્રષ્ટાચારને રોકવાનો તેમજ જવાબદારીને ઠીક કરવાનો અને મસ્ટર રોલમાં ડુપ્લિકેશન ટાળવાનો હતો. છતાં જસદણ તાલુકાના દેવપરા, બાખલવડ અને હડમતીયા(ખાંડા) ગામે ચાલતા મનરેગામાં મેટ દ્વારા ખુલ્લો ભ્રષ્ટાચાર આચરાતો હોવાનો પર્દાફાશ કરતા તંત્ર દોડતું થયું હતું. આ ભ્રષ્ટાચાર બાબતે જસદણ ટીડીઓએ ત્રણેય ગામના મેટને નોટીસ ફટકારી ખુલાસો માંગવામાં આવ્યો હતો. જેમાં ત્રણેય ગામના મેટની ગેરરીતી ધ્યાને આવતા જસદણ ટીડીઓ દ્વારા દેવપરા, બાખલવડ અને હડમતીયા(ખાંડા) ગામના મેટને તાત્કાલિક અસરથી તમામ હોદ્દાપરથી દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવતા અન્ય ગામોના મેટમાં ફફડાટ વ્યાપી ગયો છે. જ્યારે ત્રણેય ગામોમાં જે શ્રમિકોએ અડધા દિવસની હાજરી પૂરી અને ગેરરીતી કરી હતી તે તમામ શ્રમિકોની તે દિવસની રોજગારી અને તે દિવસનું થયેલું કામ પણ કપાત કરવાની કાર્યવાહી કરવામાં આવતા અન્ય શ્રમિકોમાં પણ ફફડાટ ફેલાઈ ગયો છે. સાથોસાથ આ બાબતે તમામ ગ્રામપંચાયતને ટીડીઓ દ્વારા જાણ પણ કરવામાં આવેલ છે કે હવે પછી કોઈપણ પ્રકારની ગેરરીતી થશે તો સૌથી પહેલા ગ્રામપંચાયતને જવાબદાર ઠેરવી તેની સામે આગળની કાર્યવાહી કરવામાં આવશે. જસદણ પંથકમાં મનરેગામાં ચાલતા ભ્રષ્ટાચાર બાબતે જસદણ ટીડીઓ દ્વારા તમામ જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવતા જાગૃત લોકોએ તંત્રની કામગીરીની સરાહના કરી હતી.

**દેવપરા, બાખલવડ અને હડમતીયા(ખાંડા) ગામના મેટને તમામ હોદ્દાપરથી દૂર કરવામાં આવ્યા છે: કે.આર.ચુડાસમા-ટીડીઓ,જસદણ.**

જસદણ તાલુકાના જે ગામમાં તપાસ દરમિયાન ગેરરીતી ધ્યાને આવી હતી તે તમામ ગામના મેટને તેમના તમામ હોદ્દાપરથી દૂર કરવામાં આવ્યા છે તેમજ જે શ્રમિકોએ અડધા દિવસની હાજરી પૂરી અને ગેરરીતી કરી હતી તે તમામ શ્રમિકોની તે દિવસની રોજગારી અને તે દિવસનું થયેલું કામ પણ કપાત કરવામાં આવ્યું છે. આ બાબતે તમામ ગ્રામપંચાયતને જાણ કરવામાં આવેલ છે કે હવે પછી કોઈપણ પ્રકારની ગેરરીતી થશે તો સૌથી પહેલા ગ્રામપંચાયતને જવાબદાર ઠેરવી તેની સામે આગળની કાર્યવાહી કરવામાં આવશે. હાલ દેવપરા, બાખલવડ અને હડમતીયા(ખાંડા) ગામમાં જે ગેરરીતી થઈ છે તે ત્રણેય ગામના મેટને તમામ હોદ્દાપરથી દૂર કરવામાં આવ્યા છે.

## અમુલ સર્કલ પાસે ફુટપાથ પરથી સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ ગુજારનારને અંતિમ શ્વાસ સુધીની સજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગત તારીખ ૨- ૧૨- ૨૦૨૩ નારોજ થોરાળા પોલીસ સ્ટેશનમાં ભાવનગર રોડ ઉપર આવેલ અમુલ સર્કલ પાસે ફૂટપાથ ઉપર રહેતા ફરિયાદીએ ફરિયાદ લખાવેલ કે તેમની ૧૩ વર્ષની સગીર વયની દીકરીને આરોપી બીગનકુમાર ઉર્ફે ધર્મેન્દ્ર ઉર્ફે છોટુ રામનરેશ શાહ રહેવાસી ગામ મારવા જિલ્લો સીતા મઢી બિહાર રાજ્ય વાળો અપહરણ કરી લઈ જઈ તેના ઉપર દુષ્કર્મ ગુજારીયા ની ફરિયાદ લખાવેલ તે ફરિયાદના આધારે પોલીસે આરોપી બીગનકુમાર ઉર્ફે ધર્મેન્દ્ર ઉર્ફે છોટુ રામનરેશ શાહ ની ધરપકડ કરી જેલ હવાલે કરેલ અને આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો મળી આવતા પોક્સો અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ ચાર્જશીટ થયા બાદ કેસ પોકસો અદાલતમાં શરૂ થતા પ્રોસિક્યુસન દ્વારા આ કેસના ફરિયાદી તેમજ ભોગબનનાર સગીરાની જુબાની લેવામાં આવેલ અને તેઓની જુબાનીમાં તેઓએ બનાવની સંપૂર્ણ હકીકતને સમર્થન કરતા જુબાની આપેલ તેમજ પ્રોસિક્યુસન દ્વારા ડોક્ટર અને કેસની તપાસ કરનાર પોલીસ અધિકારીની જુબાની લેવામાં આવેલ અને પ્રોસિક્યુસન દ્વારા દસ્તાવેજી પુરાવાઓ જેવાકે ફરિયાદ મેડિકલ સર્ટિફિકેટ એફએસએલનો અહેવાલ વિગેરે દસ્તાવેજી પુરાવાઓ પોક્સો અદાલતમાં રજૂ કરવામાં આવેલ તેમજ સરકાર તરફે રોકાયેલ સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા દ્વારા વિસ્તૃત દલીલ કરવામાં આવેલ અને દલીલમાં જણાવેલ કે આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે અને આરોપી એક પરણીત પુરુષ છે અને તેઓ તેર વર્ષની સગીરાને લઈ જઈ તેના ઉપર દુષ્કર્મ આચરેલ છે અને સગીરાએ અદાલતમાં તેમની જુબાનીમાં આરોપી વિરુદ્ધ જુબાની આપેલ છે અને આરોપીએ જે દુષ્કર્મ આચરેલ છે તે બાબતની હકીકત અદાલતમાં જણાવેલ છે આમ ફરિયાદી તેમજ ભોગબનનારની જુબાનીથી અને ડોક્ટર તથા પોલીસ અધિકારીની જુવાની થી તેમજ દસ્તાવેજી પુરાવાઓ થી પ્રોસીકયુષને તેમનો કેસ સાબિત કરેલ છે તે બાબતની વિસ્તૃત દલીલ પ્રોસીકયુશન દ્વારા કરવામાં આવેલી આ તમામ હકીકત ને ધ્યાને લઇ પોક્સો અદાલતના સેશન્સ જજ જે ડી સુથારે આરોપી બીગનકુમાર ઉર્ફે ધર્મેન્દ્ર ઉર્ફે છોટુ રામનરેશ શાહને આજીવન કેદની અંતિમ શ્વાસ સુધીની સજા ફરમાવેલ છે આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ જી પીપળીયા રોકાયેલ હતા.

## પાલિકાનું બુદ્ધિનું પ્રદર્શનઃ જસદણમાં ટકાઉ આરસીસી રોડ તોડી નાખી પાલિકા નવો સીસી રોડ બનાવશે, નગરજનોમાં રોષ

### પાલિકામાં વહીવટદારનું શાસન હોય, એન્જીનીયર અને ચીફ ઓફિસર પોતાની મનમાની ચલાવી રહ્યા છે

**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળિયા**

**જસદણ:** જસદણ શહેરના ઘણા વિસ્તારોમાં વર્ષોથી રસ્તાઓ ઉબડખાબડ હાલતમાં ફેરવાઈ ગયેલા જોવા મળી રહ્યા છે. છતાં જસદણ પાલિકા દ્વારા તેનું નવીનીકરણ કે સમારકામ કરવામાં આવતું નથી. ત્યારે જસદણ પાલિકા તંત્ર દ્વારા પોતાના ઘરની ધોરાજી ચલાવી શહેરના ગોકુળચોકથી નવા બસ સ્ટેશન સુધી હજી ચાલી શકે તેવા ટકાઉ આરસીસી રોડને તોડી નાખી નવો સીસી રોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવતા નગરજનોમાં પાલિકા તંત્રની કામગીરી સામે અનેક પ્રશ્નો ઉઠવા પામ્યા છે.

ટકાઉ આરસીસી રોડને તોડી તેની જગ્યાએ નવો સીસી રોડ બનાવવાનું પાલિકાને ડહાપણ કેમ સુજ્યું?.



જસદણ નગરપાલિકા દ્વારા અત્યંત તૂટી ગયેલા રોડના સમારકામ માટે આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે નવા બસ સ્ટેશનથી ગોકુળચોક સુધી મજબૂત ટકાઉ આરસીસી રોડ તોડીને નવો સીસી રોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આમ પાલિકા તંત્ર પ્રજાના પરસેવાના ટેક્ષના પૈસાનો મનફાવે તેમ વેડફાટ કરી રહી હોવાના આક્ષેપો નગરજનો કરી રહ્યા છે. જ્યાં પાલિકા દ્વારા નવો સીસી રોડ બનાવવામાં આવી રહ્યો છે ત્યાં અગાઉ આરસીસી રોડ હતો અને હજી તે રોડ ચાલી શકે તેવો હોવા છતાં રોડને તોડીને નવો બનાવવામાં આવી રહ્યો હોવાથી નગરજનોમાં મોઢા તેટલી વાતો થવા લાગી છે. જસદણ શહેરમાં એવા ઘણા માર્ગો છે જે સાવ ખખડધજ થઈ ગયા હોવા છતાં તેનું નવીનીકરણ કે સમારકામ પણ કરવામાં આવતું નથી. જાગૃત લોકો દ્વારા પાલિકાના દ્વાર પણ ખખડાવવામાં આવે છે. છતાં તેને નવો સીસી રોડ મળતો નથી અને અહિયાં પાલિકાએ બિનજરૂરી નવો રોડ બનાવવાનું કામ આદરતા નગરજનોમાં ભારે નારાજગી ઉઠવા પામી છે. હાલ જસદણ શહેરના બિસ્માર રસ્તાઓના કારણે નગરજનોને પારાવાર હાલાકી વેઠવી પડે છે. ત્યારે સારી હાલતમાં હોય તેવા માર્ગને તોડીને ક્યાં કારણોસર નવેસરથી નવો રોડ બનાવવામાં આવી રહ્યો છે તેને લઈ નગરજનોમાં પાલિકા તંત્રની કામગીરી સામે પ્રશ્નો ઉઠવા પામ્યા છે.

**ચોમાસું નજીક આવ્યું ત્યારે જ કેમ પાલિકાને નવા રોડ બનાવવાનું યાદ આવ્યું?.**

જસદણ પાલિકા દ્વારા તાજેતરમાં જ શહેરના શાકમાર્કેટ મેઈન રોડ, નવી નગરપાલિકા કચેરીનો રોડ, ગઢડીયા રોડથી લાતીપ્લોટને જોડતો રોડ, પોલારપર મેઈન રોડ, હુડકો સોસાયટીનો મેઈન રોડ સહિતના વિસ્તારોમાં નવા સીસી રોડ બનાવવામાં આવ્યા છે. પરંતુ હજી પહેલું ચોમાસું પણ નથી આવ્યું ત્યાં ગણતરીના દિવસોમાં જ ઉપરોક્ત તમામ રોડમાં સિમેન્ટ ગાયબ થઈ ગઈ છે અને કાંકરીઓ દેખાવા લાગી છે. છતાં જસદણ પાલિકાના એન્જીનીયર સહિતના જવાબદારોના પેટનું પાણી પણ હલતું ન હોય કોન્ટ્રાક્ટરોને મોકળું મેદાન મળી રહ્યું છે. જેથી પાલિકાના પ્રાદેશિક નિયામક દ્વારા જસદણ શહેરમાં તાજેતરમાં બનેલા તમામ નવા રોડ-રસ્તાનું ચેકિંગ કરવામાં આવે તેવી નગરજનોની પ્રબળ માંગ ઉઠવા પામી છે.


## જામનગર જિલ્લાના બેડ ગામમાં ૯૪ ઊંટનું રસીકરણ કરવામાં આવ્યું






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા પશુપાલન વિભાગ દ્વારા છેવાડાના વિસ્તારોમાં રહેતા પશુપાલકોને સુવિધા મળી રહે, તેઓ વિવિધ કલ્યાણકારી યોજનાઓથી વાકેફ બને તે માટે તેમના ઘરઆંગણે સુવિધા પ્રાપ્ત બને તે માટે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. જામનગર તાલુકામાં આવેલા બેડ ગામમાં પશુ રોગ અન્વેષણ એકમ (અઉંઈઘ) દ્વારા ઊંટ સંવર્ગના પ્રાણીઓનું હેલ્થ ચેકઅપ હાથ ધરવામાં આવ્યું હતું.જેમાં પશુઓના વ્હોલ બ્લડના ૩૦, બ્લડ સ્મેરના ૫૦, સ્કિન સ્ક્રીપિંગના ૨૦- કુલ ૧૦૦ જેટલા નમૂના ટીમ દ્વારા લેવામાં આવ્યા હતા. કુલ ૫ લાભાર્થીઓ સર્વે વિપુલભાઈ ભાંગરા, માલદેભાઈ વાઘેલા, દેવાભાઈ મોરી, કાનાભાઈ નાંઘા, આલાભાઈ ભાંગરા- તમામ પશુપાલકોને જિલ્લા પશુપાલન વિભાગ દ્વારા તેમના ઘર આંગણે જ સેવા મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું હતું. લાભાર્થીઓના કુલ ૯૪ ઊંટ સંવર્ગના પશુઓને ઝેરબાઝ, (એંટીસેરા) ખસ વિરોધી સારવાર આપવામાં આવી હતી અને તમામ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું.આ રસીકરણ ઝુંબેશ દરમિયાન જામનગર તાલુકાના પશુ ચિકિત્સા અધિકારી અને પશુરોગ અન્વેષણ એકમના મદદનીશ પશુપાલન નિયામક હાજર રહ્યા હતા. તેમ નાયબ પશુપાલન નિયામક, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## યાત્રાધામ ચોટીલામાં પોલીસ પેટ્રોલિંગ પર સવાલઃ હૃદય સમાન મેઈન બજારમાં તસ્કરો ત્રાટક્યા



**મુખ્ય સમાચાર, મોહસીનખાન પઠાણ**

સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ યાત્રાધામ ચોટીલામાં અવારનવાર ચોરીઓના બનાવ બને છે ત્યારે ગઈ કાલે પરોઢે બે દુકાનના શટર તોડીને ચોરીનો બનાવ સામે આવ્યો હતો. સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ યાત્રાધામ ચોટીલામાં પોલીસ દ્વારા બંદોબસ્ત અને રાત્રિ પેટ્રોલિંગ કરાતું હોવાના દાવા વચ્ચે ચોટીલાના હૃદય સમાન આણંદપુર રોડ મેઈન બજાર માં આવેલ દુકાનના તાળા તુટ્યા તે હાઇવેથી તદ્દન નજીક આવેલ હોય અને દિવસ રાત ચોકડી પર પોલીસનો પોઇન્ટ હોવા છતાં બનાવ બનતા વેપારીઓ તથા જનતામાં ચિંતાની લાગણી જોવા મળી રહી છે.

પ્રાપ્ત વિગત મુજબ આણંદપુર રોડ ચોકડીથી શરમાળીયા દાદાની દેરી વચ્ચે આવેલ શિવશક્તિ કિરાણા સ્ટોર અને બાપા સીતારામ કટલેરી સ્ટોરને તસ્કરો દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા. જેમાં શિવ શક્તિ કિરાણા સ્ટોરમાંથી રૂ. ૧૦,૦૦૦ રોકડ અને બાપા સિતારામ કટલરી સ્ટોરમાંથી ૬૦૦૯ રૂપિયાની રોકડ રકમની ચોરી થવા પામી હતી. ચોરીના બનાવની જાણ ચોટીલા પોલીસને થતા તાત્કાલિક પોલીસે તપાસ શરૂ કરી આજુ બાજુના સીસીટીવી ચેક કરતા ત્રણ ચોર હોવાનું જાણવા મળ્યું હતું અને ચોરી કર્યા બાદ શિવશક્તિ કિરાણા સ્ટોરની બહાર લગાવેલ સીસીટીવી કેમેરો તોડીને ચોર સાથે લઈ ગયા હતા. બજાર વિસ્તારમાં એક કલાક સુધી ચોરોએ તરખાટ મચાવ્યો હતો. ત્યારે શહેરમાં અવારનવાર થતી ચોરી અટકાવવા રાત્રિ દરમિયાન પોલીસ પેટ્રોલિંગ વધારવા અને અધિકારી દ્વારા દરેક નાકા ચેક કરવા લોકોની માંગ ઉઠી હતી. ચોરીના બનાવની વધુ તપાસ ચોટીલા પોલીસ ચલાવી રહી છે.

# વિશ્વ યોગ દિવસ નિમિતે પોલીસ હેડ ક્વાર્ટર ખાતે અધિકારીઓ દ્વારા કરાયા યોગ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

૨૧ જુનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી રહી હોય આ પ્રસંગે રાજકોટ શહેરમાં અનેક સ્થળોએ અધિકારીઓ-પદાધિકારીઓ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે રાજકોટ શહેર પોલીસ પરિવાર દ્વારા વહેલી સવારે રેસકોર્ષ પાસે આવેલા પોલીસ હેડક્વાર્ટર ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શહેર પોલીસ કમિશનર બ્રિજેશ ઝા, જોયન્ટ પોલીસ કમિશનર, ડીસીપી ઝોન-૧, ડીસીપી ઝોન-૨, ડીસીપી ક્રાઈમ, ડીસીપી ટ્રાફિક સહિતના પોલીસના ઉચ્ચ અધિકારીઓ ારા વિવિધ પ્રકારના યોગાસન કરવામાં આવ્યા હતા.

## કુવાડવા રોડ પર બાંધકામની સાઈટ પર પરપ્રાંતિય યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કુવાડવા રોડ પર આવેલા રણછોડદાસ બાપુ આશ્રમ ટ્રસ્ટ દ્વારા બાંધકામ થતી નવી આંખની હોસ્પિટલની સાઈટ પર કામ કરતા અને રણછોડદાસ બાપુ આશ્રમની ગૌશાળામાં રહેતા યુપીના શ્રમિક અમીત શોભનાથ રામ (ઉ.વ.૧૮)નામના યુવકે સાઈટ પર બીમકોલમના સળીયા સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. અને



તપાસ કરતાં જણાવ મળ્યું હતું કે, મૃતક અહીં એક વર્ષથી કામ કરતો હતો અને એકલો જ રહેતો હતો. એકલવાયા જીવનથી કંટાળી આ પગલુ ભરી લીધુ હોવાનું પ્રાથમિક તારણ પોલીસને જાણવા મળ્યું છે.

## વિદેશી દારૂના ગુનામાં બુટલેગર પાસામાં અમદાવાદ જેલમાં ધકેલાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર આવેલ કેવલમની બાજુમાં વૃદાંવન સોસાયટી પાસે આવેલ આરએમસી ક્વાર્ટરમાં રહેતો ઈરફાન અલીમીયા કાદરી નામના શખ્સનું વિદેશી દારૂના ગુનામાં નામ ખુલ્યા બાદ પોલીસથી નાસતો ફરતો હોય ત્યારે ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર.ગોંડલિયાની સુચનાથી એએસઆઈ આર.બી.જાડેજા, ભરતભાઈ, વિરેન્દ્રસિંહ



સહિતના સ્ટાફે બુટલેગર ઈરફાનને દબોચી લઈ તેના પાસાના કાગળો તૈયાર કરી પીસીબી શાખાને મોકલાવતા પીઆઈ એસ.એસ.રાણેએ દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશનરને મોકલાવતા અને તેના પર પોલીસ કમિશનર બ્રિજેશ ઝાએ મહોર લગાવી દેતા પોલીસે બુટલેગર ઈરફાનને પાસામાં અમદાવાદ જેલમાં ધકેલી દીધો હતો.

## ભગીરથ સોસાયટીના યુવાને ઉછીના આપેલા રૂા.૮ લાખની ઉઘરાણી કરતા ત્રણ શખ્સોએ પતાવી દીધો

### ભરવાડ બંધુ સહિત ત્રણ શખ્સોએ લીવર વાયરથી ગળાટૂંપો આપી હત્યા કર્યા બાદ લાશ સળગાવી નાંખીઃ ત્રણેયની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજીડેમ વિસ્તારની સ્વાતિ પાર્ક સોસાયટી પાસેથી એક અર્ધ સળગેલી હાલતમાં યુવાનની લાશ મળી આવવાના બનાવમાં પોલીસે હાથ ધરેલી તપાસમાં બનાવ હત્યાનો હોવાનું અને રૂ.૮ લાખની ઉઘરાણીના ડખ્ખામાં રિક્ષાચાલક બંધુએ એક સગીર સાથે મળી હત્યા કરી લાશ સળગાવી દીધાનું ખૂલ્યું હતું. પોલીસે હત્યારા રિક્ષાચાલક બંધુ અને સગીરને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે, સ્વાતિપાર્ક સોસાયટી પાસેથી બુધવારે રાત્રીના એક અજાણ્યા યુવાનની અર્ધ સળગેલી હાલતમાં લાશ મળી આવતા આજીડેમ પોલીસ અને ક્રાઈમ બ્રાંચનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહ પીએમ અર્થે હોસ્પિટલમાં ખસેડડ્યો હતો અને પીએમ રિપોર્ટમાં યુવાનની ગળુ દબાવી હત્યા કર્યા બાદ સળગાવી દીધાનું ખૂલ્યું હતું.

આ અંગેની માહિતી મુજબ આજીડેમ પોલીસે પોલીસમેન મુન્નાભાઈ



મેઘજીભાઈ ઢાપાની ફરિયાદ પરથી અજાણ્યા શખસો સામે હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી મૃતકની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન હત્યાનો ભોગ બનનાર યુવાન સંતકબીર રોડ પરની ભગીરથ સોસાયટીમાં રહેતો વિપુલ વશરામભાઈ ક્યાડા હોવાનું ખૂલ્યું હતું અને આ બનાવ અંગેની જાણ થતાં મૃતક વિપુલની પત્ની નીતાબેન સહિતનો પરિવાર હોસ્પિટલે દોડી ગયા હતા અને મૃતદેહને ઓળખી બતાવ્યો હતો. મૃતક વિપુલ આજી વસાહતમાં કામ કરતો હતો અને બે બહેનનો એકનો એક ભાઈ હતો. આ બનાવનાં પગલે એક પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કરૂણ કલ્પાત મચી ગયો હતો. આ બનાવ સંદર્ભે ક્રાઈમ બ્રાંચે હાથ ધરેલી તપાસમાં ગોંડલ રોડ ચોકડી પાસે રિક્ષા ચલાવતા અને હોટલ ધરાવતા વિરમ હિન્દુભાઈ વકાતર મૃતક વિપુલ ક્યાડા સાથે ફરતો હોય અને મિત્ર હોવાનું ખૂલતા પોલીસે વિરમ વકાતરને ઉઠાવી લઈ આગવી ઢબે સરભરા કરતા વિપુલની હત્યાનો ભેદ ઉકેલાયો હતો અને પોલીસે વિરમના ભાઈ મેહુલ ઉર્ફે હકો અને એક સગીરને ઝડપી લીધા હતા.

પોલીસની વધુ તપાસમાં હત્યારા વિરમ ઉર્ફે શામળ વકાતર જુગારમાં મોટી રકમ હારી જતા મિત્ર વિપુલ ક્યાડા પાસેથી બે વર્ષ પહેલા કટકે કટકે રૂ.૮ લાખની રકમ લીધી હતી અને બાદમાં મૃતક વિપુલ દ્વારા નાણાંની જરૂરિયાત ઉભી થતાં વિરમ વકાતર પાસે ઉઘરાણી કરતા વિરમે તેના ભાઈ મેહુલ ઉર્ફે હકો અને આદિવાસી તરૂણ



સાથે મળી વિપુલની હત્યાનો પ્લાન ઘડયો હતો અને મૃતક વિપુલને નાણાં સાંજે આપવાના બહાને ફોન કરી બોલાવ્યા બાદ અલગ અલગ સ્થળે ફેરવ્યો હતો અને બાદમાં રાત્રીના સ્વાતિ પાર્ક પાસે અવાવરુ સ્થળે લીવરના વાયરથી ગળાટૂંપો દઈ હત્યા કરી નાખી હતી. બાદમાં મૃતક વિપુલના હાથ પગ બાંધી દીધા હતા અને લાશ પર ત્રણેયના ફિંગર ન આવે તે માટે રાત્રીના બાઈકમાંથી પેટ્રોલ કાઢી લાશ સળગાવી દઈ નાસી છૂટયા હતા.

ક્રાઈમ બ્રાંચે મૂળ ચોટીલાનાં ઢોકળવા ગામના અને હાલમાં કોઠારિયા રોડ પર સ્વાતિ પાર્કમાં રહેતા શામળ ઉર્ફે વિરમ હિન્દુ વકાતર અને તેનો ભાઈ મેહુલ ઉર્ફે હકો હિન્દુ વકાતર અને એક સગીરની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે વધુ તપાસ અર્થે રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી હતી.

## રાજકોટ પોલીસ કમિશનરનું નકલી ફેસબુક આઈડી બન્યું

### આઈપીએસ અધિકારીઓને ફ્રેન્ડ રીકવેસ્ટ મોકલી ઠગાઈ કરવાનો કારસોઃ નાણાંકીય વ્યવહાર ન કરવા સીપીની અપીલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા નું નકલી ફેસબુક એકાઉન્ટ બન્યું છે અને આ નકલી ફેસબુક એકાઉન્ટ બનાવનારે તેમને સાથી આઈપીએસ અધિકારીઓને ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલતા મામલો સામે આવ્યો છે. અને આ મામલે સાઈબર ક્રાઈમમાં પોલીસ ફરિયાદ પણ નોંધાઈ છે. પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા તેમના આ નકલી ફેસબુક એકાઉન્ટ સાથે કોઈ આર્થિક વ્યવહાર નહીં



કરવા લોકોને અપીલ કરી છે.

અત્રે એ વાત ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ આઈએએસ અને આઈપીએસ અધિકારીઓના સોશિયલ મીડિયાના ફેક એકાઉન્ટ બન્યા હોય અને જેને લઈને એક એડવાઈઝરી પણ જારી કરવામાં આવી હતી. જેમાં સોશિયલ મીડિયામાં પ્રોફાઈલ અને એકાઉન્ટને વેરીફાઈવ કરાવી બ્લુટીક મેળવી લેવી જેથી ફેક પ્રોફાઈલને ઝડપથી ઓળખી શકાય તેમજ ફેઈક પ્રોફાઈલ બનતી અટકાવવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર એકાઉન્ટ કે પ્રોફાઈલ લોક રાખવા તેમજ સોશિયલ મીડિયા પ્રોફાઈલ અને એકાઉન્ટના ટુ ફેક્ટર ઓથોરાઈઝેશન એક્ટિવ રાખવું છેલ્લા ઘણા સમયથી આઈએએસ અને આઈપીએસ અધિકારીઓના નકલી એકાઉન્ટ બન્યા હોય જેને લઈને રાજ્ય પોલીસ વડા દ્વારા આ એડવાઈઝરી જારી કરાઈ હતી. રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાના નામનું ફેક ફેસબુક આઈડી બનાવવામાં આવ્યું હોય અને પ્રોફાઈલમાં તેમનો અને પરિવારનો ફોટો મુકી ઘણાબધા તેમના મિત્રો તેમજ આઈએએસ અને આઈપીએસ અધિકારીઓને ફ્રેન્ડરિકવેસ્ટ મોકલવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ત્યારે આ મામલે સાયબર ક્રાઈમની ટીમ દ્વારા પોલીસ કમિશનરનું નકલી ફેસબુક આઈડી બનાવનારની શોધખોળ શરૂ કરાઈ છે.

## પાંચ સ્થળોએ લૂંટ કરી પોલીસને પડકાર ફેકનાર ત્રિપુટી અંતે ઝડપાઈ

### રોકડ, સોનાની કડી, બાઈક સહિતનો મુદ્દામાલ કબજે : એક સાગરીતની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં બે દિવસ પૂર્વે એક રાત્રિએ ભીમનગર ૫ સર્કલ, ડો.હોમી દસ્તુર માર્ગ, મવડી બ્રીજ બેંક પાસે, ભક્તિનગર સર્કલ અને ગોંડલ રોડ પર વાહન ચાલકોને આંતરી છરીની અણીએ લૂંટ ચલાવનાર ત્રિપુટીને ક્રાઈમ બ્રાંચે ગણતરીની જ કલાકોમાં ઝડપી લુટનો ભેદ ઉકેલી લુટનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ અંગેની માહિતી મુજબ ડી.સી.બી. પાર્થરાજસિંહ બ્રાંચના ગોહીલની સુચનાથી પી.આઈ. એમ.આર. ગોંડલિયા અને ટીમને મળેલ બાતમીના આધારે બે દિવસ પૂર્વે એકજ રાત્રિના ભીમનગર સર્કલ ૯૯ કેતન રાઘવજીભાઈ ગોહેલ નામના રીક્ષાચાલકને આંતરી છરીની અણીએ મોબાઈલ અને રોકડ સહિત ૨૦,૦૦૦ તેમજ



હોમીદસ્તુર માર્ગ પર માનસિંગભાઈ કાળુભાઈ ઘોડનું બાઈક આંતરી સોનાની બે કડી અને રોકડની લુટ તેમજ મવડી બ્રીજ પાસે કાનજીભાઈ વલ્લભભાઈ ઠુમ્મરને છરી બતાવી ૧૦,૦૦૦ રોકડની લુટ તેમજ ભક્તિનગર સર્કલ પાસે પગપાળા જઈ રહેલા એક વ્યક્તિ પાસેથી લુટ તેમજ ગોંડલ રોડ શિવ હોટલ પાસે મોબાઈલની લૂંટનો ભેદ ઉકેલી નાખ્યો હતો. આ લુટમાં સંડોવાયેલ ભરત ઉર્ફે ભરતો પોપટભાઈ ઉ.૨૧ કોઠારીયા સોલવન્ટ, રમીઝ ઉર્ફે બચો ઈમરાનભાઈ જેસડીયા ઉ.૧૯ રહે. સાધુવાસવાણી રોડ, ગુરુજીનગર આવાસ ક્વાર્ટર, નિલેશ ઉર્ફે ભુરી ઉર્ફે ભુરો ગોપાલભાઈ વાઘેલા ઉ.૨૧ રહે. શીતળાધારવાળાને ઝડપી ૪,૫૦૦ રોકડા, સોનાની બે કડી કિ.૧૨૦૦૦ તેમજ બાઈક સહિતના મુદ્દામાલ સાથે ધરપકડ કરી પૂછપરછ હાથ ધરતા અન્ય એક સાગરિત સમીર ઉર્ફે સમલો અબ્દુલ ઠેબા રહે. કોઠારીયા સોલવન્ટ રૂડા દિનદયાળ ત્રણ માળીયા ક્વાટર્સવાળા સાથે મળી આ લુટ કર્યાની કબુલાત આપી હતી. ઝડપાયેલા શખસોમાં ભરત ઉર્ફે ભરતા સામે સાત જેટલા ગુના અને નિલેશ ઉર્ફે ભુરી સામે પાંચ તેમજ રમીઝ ઉર્ફે બચા સામે એક ગુનો નોંધાયો છે.

## ગ્રીનલેન્ડ ચોકડી પાસે પાનની દુકાને ફાકી ખાવા ગયેલા યુવાનને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી માર માર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટના ખોરાણા ગામે રહેતો અને ઈમીટેશનનું કામ કરતો અજય હંસરાજભાઈ સોલંકી નામના અનુજાતિ યુવાને બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, ગઈકાલે પોતે તેના મિત્ર સાથે ગ્રીનલેન્ડ ચોકડી પાસે મોરબી રોડ પર શક્તિ ટી સ્ટોલની સામે પટેલ પાનની દુકાને પાન-ફાકી ખાવા ગયો હતો. ત્યારે દુકાનદાર ભગત સભાયા અને રાજ સભાયા નામના બંને શખ્સોએ તેની સાથે ઝઘડો કરી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી સ્ટીલના ધોકા અને છરી વડે હૂમલો કરી શરીરે ગંભીર ઈજા કરતા ફરિયાદ નોંધાવી છે. બનાવના પગલે એસીપી આર.એસ.બારીયાએ તપાસ હાથ ધરી હુમલાખોરોની શોધખોળ શરૂ કરી છે.

## પોલીસ અને પ્રાંત અધિકારીના રીપોર્ટના કારણે લેન્ડ ગ્રેબિંગના ૪૫૮ કેસ પેન્ડીંગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા છેલ્લા એક વર્ષમાં લેન્ડ ગ્રેબિંગના કેસોમાં ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે અને હાલમાં એકપણ કેસ પેન્ડિંગ રાખવામાં આવ્યો નથી ત્યારે બીજીબાજુ પોલીસ તંત્ર અને પ્રાંત કચેરીના રિપોર્ટ બાકી હોવાથી લેન્ડ ગ્રેબિંગના હજુ પણ ૪૫૮ કેસ કરનાર અરજદારો ન્યાયની વાટમાં હોવાની હકીકત પ્રકાશમાં આવી છે.

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, લેન્ડ ગ્રેબિંગનો કાયદો અમલી થયા બાદ રાજકોટ જિલ્લામાં પ્રથમ અઢી વર્ષમાં ૬૭૧ કેસનો નિકાલ કરાયો હતો. જ્યારે છેલ્લા ૧ વર્ષમાં જેટ ગતિએ ૭૩૦ જેટલા કેસનો નિકાલ કરાયો છે. જેમાંથી ૪૫ જેટલા કેસોમાં એફઆઈઆર નોંધાવવા આદેશ કરાયો છે. અરજદારોને ઝડપી ન્યાય મળે તે માટે સત્તાના વિકેન્દ્રીકરણની નીતિ અપનાવી સારા પરિણામો મેળવ્યાનું કલેક્ટરે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, કલેક્ટર પ્રભવ જોશીએ લેન્ડ ગ્રેબિંગના કેસોમાં પોતાના ઉપરાંત સ્ટેમ્પ ડ્યૂટી કચેરીના ડેપ્યુટી કલેક્ટર અને ડીએસઓને પણ વધારાના પાવર્સ આપતા ઝીરો પેન્ડન્સી શક્ય બની છે. બીજીબાજુ હાઈકોર્ટે સ્ટે ઉઠાવી લેતા ૩ માસ કરતા જૂના અને છેલ્લા ૩ માસમાં થયેલી ફરિયાદો પૈકીના ૪૫૮ જેટલા કેસમાં હજુ પણ પોલીસ તંત્ર અને પ્રાંત અધિકારીના રિપોર્ટ આવવાના બાકી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. જોકે ઓવરઓલ કામગીરીમાં ઘણો સુધારો થયાનું ચિત્ર ઉપસ્યું છે. લેન્ડ ગ્રેબિંગના કેસમાં જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા એક વર્ષમાં પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે.

## ગંજીવાડાના નાકે ચાલતા જુગારના હાટડા પર બે વર્ષમાં બીજીવાર એસએમસી ત્રાટકી

### સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી દરોડો પાડી રૂા.૧.૭૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચાર શખ્સોની ધરપકડ મુખ્ય સુત્રધાર સહિત પાંચની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સ્થાનિક પોલીસને અંધારામાં રાખી સ્ટેટ મોનિટરીંગ સેલે બે વર્ષ બાદ ફરી ગંજીવાડામાં ચાલતા નામચીન શખસના વર્લીના હાટડા પર દરોડો પાડી શહેરી પોલીસની કામગીરીની પોલ છતી કરી હતી. જ્યાં એકવાર દરોડો પડયો છતા પણ નામચીન શખસે તે જ વિસ્તારમાં થોરાળા પોલીસ મથકથી માત્ર ૨૦૦ મીટર જ દૂર ફરી જુગાર ક્લબ શરૂ કરતા જાણે સ્થાનિક પોલીસની ધાંક જ ન રહ્યો હોય તેવું પૂરવાર કર્યુ હતું.

રાજકોટના ગંજીવાડા નાકા પાસે



જયનાથ પેટ્રોલ પંપની બાજુમાં થોરાળા પોલીસ વિસ્તારમાં સ્ટેટ મોનિટરીંગ સેલના પિઆઈ એમ.એચ.સિનલ સહિતની ટીમે સામીની મયુરસિંહ વર્લી હાટડા પર દરોડો પાડયો હતો. જેમાં જખઈએ વર્લી મટકાના આંકડાઓ પર જુગાર રમાડતા ફિરોઝ અબ્રાહમ પલેજા, અસરફ હારૂન દલ, જગદિશ ઉર્ફે જગો સોમા વાઘ અને સબરઅલી અલીમહમદ ઠેબાને રોકડ રૂ.૧,૨૪,૪૭૦ સહિત એક વાહન અને ૬ મોબાઈલ ફોન સાથે કુલ રૂ.૧,૭૯,૯૭૦ના નુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા. જ્યારે જખઈની પ્રાથમિક તપાસમાં આ ક્લબ નામચીન શખસ મયુરસિંહ ઝાલાની હોવાનું સામે આવ્યુ છે જે હાલ પોલીસ પકડથી દૂર છે. તે ઉપરાંત આંકડા લખનાર અમિત કોળી અને જે.પી.ડી. તથા જુગાર રમવા આવેલા બટુક મહારાજ અને ઈબાલ ઈસ્માલ પઠાણ ફરાર હોવાનું સામે આવ્યુ છે.બે વર્ષ પહેલા એપ્રિલ ૨૦૨૨૨માં સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા આ જ વિસ્તારમાં મુખ્ય સુત્રધાર મયુરસિંહના જ હાટડા પર દરોડો પાડી ૧૬ જુગારીઓને રૂ.૩.૨૨ લાખના મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા. ત્યારે પણ ક્લબનો સંચાલક હાથ આવ્યો ન હતો. પરંતુ આ જુગારીયોને જાણે સ્થાનિક પોલીસનો કોઈ જ ખોફ ના રહ્યો હોય તેમ બે વર્ષમાં ફરી તે જ વિસ્તારમાં અને આ વખતે પોલીસ મથકની બાજુમાં જ હાટડાઓ શરૂ કરી દીધા હતા. જેમાં ફરી એકવાર જખઈની ટીમ ત્રાટકતા તેનો રેલો સ્થાનિક પોલીસને આવે તેવી પૂરી શક્યતા જોવા મળી રહિ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT